(Affiliated to Indian Institute of Teacher Education (IITE), Gandhinagar)

**SHREE SARVAJANIK COLLEGE OF EDUCATION**

NAAC : "B" Grade

(Conducted By Shree Godhra Taluka Sarvajanik Kelavani Mandal)

East. : June 1970

Bamroli Road, B/H. Government Polytechnic,
GODHRA-389001, Dist. Pnachmahals,
Gujarat.

*Dr. R. G. Patel*
Principal (I/C)
M. 94277 17317

IITE Code : 150
Zone/D.P. Code : 94/02
NCTE Code : 313044
WRC/313044/2015/138923 Dt. 31.05.2015
E-mail : ssce1970@yahoo.com
Web Site : www.educationcollegegodhra.com

# વાર્ષિક અહેવાલ શૈક્ષણિક વર્ષ 2020-2021







માર્ગદર્શન
ડો. આર. જી. પટેલ
કાર્યકારી આચાર્ય

પ્રસ્તુતિ
ડો. જ્ઞાનેશ બ. ગોડબોલે
એસ. આર. સી., ચેરમેન

| બી.એડ.સેમેસ્ટર-I અને II ના પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા(શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦-૨૦૨૧) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સેમેસ્ટર | હાજર થયેલ પ્રશિક્ષણાર્થી | પ્રવેશ રદ્દ કરાવેલ પ્રશિક્ષણાર્થી | LEFT | રીશફલીંગમાં અન્ય કૉલેજમાંથી આવેલ પ્રશિક્ષણાર્થી | રીશફલીંગમાં આ કૉલેજમાંથી ગયેલા પ્રશિક્ષણાર્થી | કુલ પ્રશિક્ષણાર્થી |
| 1. | I | 54 | 05 | 00 | 00 | 00 | 49 |
| 2. | II | 49 | 02 | 00 | 07 | 01 | 53 |

શ્રી ગોવિંદ ગુરુ યુનિ., ગોધરાના પત્રાંક એજીજીયુ/જોડાણ/૨૦૨૦/૧૯૬૮ તા. ૦૪.૦૬.૨૦૨૦થી આ કોલેજને આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર સાથે ક્રમશ: તબદીલ કરવાની પરવાનગી આપવામાં આવી હતી.



બે વર્ષ કાર્યકારી આચાર્ય તરીકે કોલેજનું સફળ નેતૃત્વ કરનાર ડૉ. વી. કે. ગેલાત સાહેબનો વય નિવૃત્ત સ્નેહ સમારંભ તા.૧૪.૦૬.૨૦૨૦ના રોજ સ્ટાફ અને નિવૃત્ત કર્મચારીઓ દ્વારા કૉલેજમાં યોજવામાં આવ્યો હતો.





તા.૧૫.૦૬.૨૦૨૦ના રોજ કાર્યકારી આચાર્ય તરીકે ડૉ. આર. જી. પટેલે જવાબદારી સંભાળી હતી. સંસ્થાના પ્રમુખ શ્રી ગોપાલસિંહ સોલંકી સ્ટાફ અને નિવૃત્ત કર્મચારીઓ દ્વારા તેમને શુભકામના પાઠવવામાં આવી હતી.



તા.૨૦.૦૬.૨૦૨૦ના રોજ કૉલેજના શૈક્ષણિક કર્મચારીશ્રીઓએ ઉચ્ચ શિક્ષણ આયોજીત Microsoft Teams અંગેની તાલીમ લીધી.




તા.૨૧.૦૬.૨૦૨૦ના રોજ કોરોના મહામારીના કારણે આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી બી.એડ.સેમેસ્ટર-IVના પ્રશિક્ષણાર્થીઓએ ઘરે રહીને કરી હતી.

તા. ૦૪.૦૭.૨૦૨૦ ના રોજ બી.એડ. સેમેસ્ટર-IVના પ્રશિક્ષણાર્થીઓએ માતા-પિતાનું પૂજન કરીને ગુરુપૂનમની ઉજવણી ઘરે રહીને કરી હતી.




તા. ૧૦.૦૭.૨૦૨૦ના રોજ IITE, ગાંધીનગર આયોજિત 'પરિચય પરિવારનો' કાર્યક્રમ અંતર્ગત કોલેજનો પરિચય ઓન લાઈન ડૉ. આર. જી. પટેલ સાહેબે આપ્યો હતો.

આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગરના પત્રાંક IITE/Academic/Affiliation/575-50/2020 Date: 27/07/2020 થકી આ કોલેજનું જોડાણ અંગેનું જાહેરનામું પ્રાપ્ત થયું હતું.

તા.૧૭.૦૮.૨૦૨૦થી તા.૨૬.૦૮.૨૦૨૦ દરમિયાન બી.એડ.સેમેસ્ટર-IVના પ્રશિક્ષણાર્થીઓની યુનિ. પરીક્ષા યોજાઇ હતી. આ પરીક્ષા કુલ ૪૨ પ્રશિક્ષણાર્થીઓએ આપી હતી અને બધાજ પ્રશિક્ષણાર્થીઓ પ્રથમ વર્ગ ડિસ્ટિંકશન સાથે ઉત્તીર્ણ થયા હતા.

તા.૧૫.૦૮.૨૦૨૦ના રોજ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થઈ હતી, ધ્વજવંદન ડૉ. આર. જી. પટેલના હસ્તે થયું હતું.

તા.૨૭.૦૮.૨૦૨૦થી તા.૦૪.૦૯.૨૦૨૦ દરમિયાન બી.એડ.સેમેસ્ટર-IIના પ્રશિક્ષણાર્થીઓની યુનિ. પરીક્ષા યોજાઇ હતી.

આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર સંલગ્ન વિવિધ કોર્ષમાં વિદ્યાર્થીઓના પ્રવેશ સુનિશ્ચિત કરવા આ કોલેજને પ્રવેશકેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવી હતી, જેમાં કો-ઓર્ડીનેટર તરીકે ડૉ. જી. બી. ગોડબોલેએ ફરજ બજાવી હતી. આ સંસ્થાના ડૉ. ડી. કે. પારેખે લુણાવાડા પ્રવેશકેન્દ્ર પર ફરજ બજાવી હતી. આ પ્રક્રિયા તા. ૨૮.૦૮.૨૦૨૦ થી તા. ૧૨.૦૯.૨૦૨૦ દરમિયાન યોજાઈ હતી.


NCTEની સ્ટાફ ક્વેરી બાબતે એડહોક અધ્યાપકની નિમણૂક માટે તા. ૦૧.૦૯.૨૦૨૦ના રોજ કરાર આધારિત પૂર્ણ સમયના વ્યાખ્યાતા માટે ઇન્ટરવ્યુ યોજવામાં આવ્યો હતો.

તા. ૨૪.૦૯.૨૦૨૦ના રોજ બી.એડ.સેમેસ્ટર-I ના પ્રશિક્ષણાર્થીઓને આવકાર અને કૉલેજ-પરિવારનો પરિચય આપવામાં આવ્યો હતો.

તા. ૨૮.૦૯.૨૦૨૦ થી તા. ૧૪.૧૦.૨૦૨૦ દરમિયાન સૂક્ષ્મ અધ્યાપનની સમજ, સૈદ્ધાંતિક તેમજ ડેમોસ્ટ્રેશન લેશન અને સૂક્ષ્મ અધ્યાપનનો વર્કશોપ યોજાયો હતો.

યુનિ. પરિપત્ર નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૦/૩૩૯૮ તા.૧૬.૧૦.૨૦૨૦ મુજબ બી.એડ.સેમેસ્ટર-IIIના પ્રશિક્ષણાર્થીઓ માટે પ્રથમ તબક્કાનો ઇંટર્નશીપ કાર્યક્રમ ૧૯.૧૦.૨૦૨૦થી ૨૮.૧૧.૨૦૨૦ સુધી તેમજ દ્વિતીય તબક્કાનો ઇંટર્નશીપ કાર્યક્રમ ૧૪.૧૨.૨૦૨૦થી ૦૩.૦૧.૨૦૨૧ સુધી યોજાયો હતો.

તા. ૦૪.૧૨.૨૦૨૦થી તા. ૦૮.૧૨.૨૦૨૦ દરમિયાન બી.એડ.સેમેસ્ટર-IIIના પ્રશિક્ષણાર્થીઓની યુનિ. પરીક્ષા યોજાઇ હતી.




તા. ૨૮.૧૦.૨૦૨૦ના રોજ મા. ડૉ. હર્ષદ પટેલ, માનનીય કુલપતિશ્રી, આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર 'પરામર્શન પાથેય' કાર્યક્રમ અંતર્ગત કૉલેજમાં પધાર્યા હતા. તેમણે સ્ટાફ સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને પ્રવર્તમાન શિક્ષણ વિશે મુક્ત મને ચર્ચા કરી હતી.





જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પંચમહાલના પત્રાંક મતય/ કેમ્પસ એમ્બેસેડર -હુકમ-૨૦૨૧/વશી/૫૦૬ થી ૫૫૧/૨૦૨૦ તા. ૩૦.૦૯.૨૦૨૦ મુજબ કોલેજના પ્રશિક્ષણાર્થીઓ પંડ્યા સ્મિતકુમાર રવિશંકરભાઈ અને રાણા પીનલ બકુલકુમારની કેમ્પસ એમ્બેસેડર તરીકે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે નિમણૂક કરવામાં આવી હતી

તા. ૦૬.૧૧.૨૦૨૦થી તા. ૦૭.૧૧.૨૦૨૦ ના રોજ બી.એડ.સેમેસ્ટર-III ના પ્રશિક્ષણાર્થીઓની આંતરિક પરીક્ષા લેવામાં આવી હતી.

સૂક્ષ્મ અધ્યાપન કૌશલ્યનો પ્રથમ રાઉન્ડ તા. ૦૧.૧૨.૨૦૨૦ થી તા. ૦૩.૧૨.૨૦૨૦ તથા બીજો રાઉન્ડ ૦૪.૧૨.૨૦૨૦ થી ૦૭.૧૨.૨૦૨૦ દરમિયાન ઓનલાઇન યોજવામાં આવ્યો હતો.

SSIP સેલ આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગરના પત્રાંક 1359 તા. ૧૦.૧૨.૨૦૨૦ મુજબ કૉલેજના SSIP સેલના કૉઑર્ડિનેટર તરીકે ડૉ. ડી. કે. પારેખની નિમણૂક કરવામાં આવી હતી.

સિમ્યુલેશનનો પ્રથમ રાઉન્ડ તા. ૧૦.૧૨.૨૦૨૦થી તા. ૧૫.૧૨.૨૦૨૦ તથા બીજો રાઉન્ડ ૨૨.૧૨.૨૦૨૦થી ૨૮.૧૨.૨૦૨૦ દરમિયાન ઓનલાઇન યોજવામાં આવ્યો હતો.

IQAC & Center of Education આયોજીત 'Reflective Reading' વિષય પર યોજાયેલા ચાર દિવસીય વર્કશોપમાં (તા. ૦૨-૦૩-૦૬-૦૭.૦૧.૨૦૨૧) કૉલેજ ઉત્સાહપૂર્વક ભળી હતી.

તા. ૦૫.૦૧.૨૦૨૧ના રોજ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંક અજસ/૧૦૨૦૧૪ તા. ૨૨.૦૪.૨૦૧૪ પ્રમાણે કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી(અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત સમિતિની રચના કરવામાં આવી હતી.

તા. ૦૯.૦૧.૨૦૨૧ થી તા. ૧૦.૦૧.૨૦૨૧ આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર દ્વારા ૯મો વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં આ કોલેજના ૦૭ પ્રશિક્ષણાર્થીઓએ Quiz, Elocution, Debate, Rangoli, Spot Photography, Mehandi એમ કુલ ૦૬ સ્પર્ધામાં ભાગ લીધો હતો.




જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજિત તા. ૧૩.૦૧.૨૦૨૧ના રોજ ટ્રાન્સ સ્ટેડિયા, અમદાવાદ મુકામે યોજાયેલ સ્પોર્ટસમીટ-૨૦૨૧માં બારીયા મહેન્દ્રકુમાર સુનિલકુમાર અને પરમાર ધ્રુવીલકુમર નગીનભાઈએ અનુક્રમે ૧૦૦ મીટર અને ૨૦૦ મીટરની દોડસ્પર્ધામાં ભાગ લીધો હતો.

તા. ૧૮.૦૧.૨૦૨૧ થી તા. ૨૨.૦૧.૨૦૨૧ દરમિયાન પ્રથમ સેમેસ્ટરની આંતરિક સૈદ્ધાંતિક પરીક્ષા કૉલેજ ખાતે લેવામાં આવી હતી. તા. ૨૫ અને તા. ૨૭.૦૧.૨૦૨૧ના રોજ Art in Education વિષયની આંતરિક પ્રાયોગિક પરીક્ષા કૉલેજ ખાતે લેવામાં આવી હતી.

તા.૨૪.૦૧.૨૦૨૧ના રોજ આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર આયોજીત દ્વિતીય અધ્યાપન કૌશલ્ય સ્પર્ધામાં, સામાજિક વિજ્ઞાન વિષયપદ્ધતિમાં શેખ નરગીસબાનુ ફિરોઝભાઈએ સ્પષ્ટીકરણ કૌશલ્ય અને પરમાર દિપકકુમાર દાનાભાઈ ગુજરાતી વિષયપદ્ધતિમાં

વિષયાભિમુખ કૌશલ્ય પસંદ કરી ઝોન કક્ષાએ ઓન લાઈન અધ્યાપન કૌશલ્ય સ્પર્ધામાં ભાગ લીધો હતો.

તા.૨૬.૦૧.૨૦૨૧ના રોજ પ્રજાસતાક પર્વની ઉજવણી થઈ હતી, ધ્વજવંદન ડૉ. આર. ડી. પટેલ(કાર્યકારી આચાર્ય, સાર્વજનિક કોમર્સ કૉલેજ, ગોધરા)ના હસ્તે થયું હતું.




તા. ૦૮-૧૨.૦૨.૨૦૨૧ દરમિયાન પ્રથમ સેમેસ્ટરની યુનિ. સૈદ્ધાંતિક પરીક્ષા કૉલેજ ખાતે નિર્વિધ્ન પૂર્ણ થઈ, આ કૉલેજના ૪૭ પ્રશિક્ષણાર્થીઓએ સેમેસ્ટર-૧ની પરીક્ષા આપી હતી.

તા. ૧૩-૧૪.૦૨.૨૦૨૧ દરમિયાન પ્રથમ સેમેસ્ટરની યુનિ. પ્રાયોગિક પરીક્ષા કૉલેજ ખાતે નિર્વિધ્ન પૂર્ણ થઈ.

તા. ૨૬.૦૨.૨૦૨૧ના રોજ N.H.Patel College of Education, Anand મુકામે IQAC, IITEના ઉપક્રમે ઝોન કક્ષાના NAAC Orientation Workshopમાં કૉલેજ સ્ટાફ ઉપસ્થિત રહી સક્રિય રીતે ભળ્યો હતો.

તા. ૨૮.૦૨.૨૦૨૧ના રોજ યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કેમ્પસ એમ્બેસેડર અને કૉલેજ પરિવારના પ્રયાસથી પ્રશિક્ષણાર્થીઓએ મતદાન કર્યું હતું.







તા. ૦૩.૦૩.૨૦૨૧થી ૧૦.૦૩.૨૦૨૧ સુધી ગોધરા તાલુકાની વિવિધ શાળાઓમાં બી.એડ.સેમેસ્ટર-૨ના પ્રશિક્ષણાર્થીઓ માટે સ્ટ્રેલેશન કાર્યક્રમ યોજાયો હતો.















કુમાર શાળા, દલુની વાડી રસીકરણ કેન્દ્રની મુલાકાતે મા.શ્રી અમીત અરોરા, મા. કલેકટરશ્રી, પંચમહાલ આવ્યા હતા. આ દરમિયાન શાળામાં સ્ટ્રેલેશન કાર્યક્મ શરૂ હતો. તેમણે શાળાની આકસ્મિક મુલાકાત કરી હતી. મા. કલેકટરશ્રીએ શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકશ્રીઓ, ઇન્ચાર્જ ડો. જ્ઞાનેશ બ. ગોડબોલે તથા પ્રશિક્ષણાર્થીઓ સાથે IITE, બી.એડ. અભ્યાસક્રમ અને પ્રવર્તમાન શિક્ષણ વિષે ચર્ચા કરી હતી. તેમણે પ્રશિક્ષણાર્થીઓને કારકિર્દી વિશે માર્ગદર્શન આપ્યું હતું.













તા. ૦૬.૦૩.૨૦૨૧, શનિવારના રોજ શૈક્ષણિક વર્ષ 2020-2021 માટે ઉત્કૃષ્ટતા અભિયાન વર્તુળ(SRC) અંતર્ગત GS, LR અને સપ્તધારાના સાત પ્રતિનિધિ માટે ચૂંટણી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પૈકી LR અને સામુદાયિક સેવાધારા માટે ચૂંટણી યોજાઈ હતી, બાકીના હોદ્દા માટે બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. ઉત્કૃષ્ટતા અભિયાન વર્તુળ(SRC)ના ચેરમેન તરીકે ડૉ. જી. બી. ગોડબોલે હતા.











તા ૨૨.૦૩.૨૦૨૧ થી તા. ૨૪.૦૩.૨૦૨૧ દરમિયાન ‘જોબ પ્લેસમેન્ટ ફેર’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૪ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ચાર શાળામાં શિક્ષક તરીકે ૨૧ પ્રશિક્ષણાર્થીઓ પસંદ થયા હતા.

તા. ૦૭.૦૬.૨૦૨૧થી તા. ૧૯.૦૬.૨૦૨૧ દરમિયાન IITE દ્વારા Know Engage with Your System-પરિચય પરિવારનો 2.0 ઓનલાઈન યોજાયેલા કાર્યક્રમમાં કૉલેજ પરિવારે ભાગ લીધો હતો.





| No. | Semester | Seat No. | Year of Passing | Marks Obtained | Total Marks |
|---|---|---|---|---|---|
| 1. | Semester I | 1476 | Nov.,2018 | 708 | 800 |
| 2. | Semester II | 1570 | Mar.,2019 | 711 | 800 |
| 3. | Semester III | 1549 | Oct.,2019 | 749 | 800 |
| 4. | Semester IV | 1384 | Aug.,2020 | 769 | 800 |
| | Total Marks | | | 2937 | 3200 |



શ્રી ગોવિંદ ગુરુ યુનિ., ગોધરા દ્વારા તા.૧૧.૦૬.૨૦૨૧ના રોજ યોજાયેલ ઓનલાઈન પદવીદાન સમારોહમાં કૉલેજની પ્રશિક્ષણાર્થી શમીમબાનુ મેહબૂબભાઈ ભાગલીયાને સુવર્ણપદક જાહેર કરવામાં આવ્યો હતો.





તા. ૨૧.૦૬.૨૦૨૧ના રોજ કોરોના મહામારીના કારણે પ્રશિક્ષણાર્થીઓએ ઘરે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી.







તા. ૨૨.૦૬.૨૦૨૧ના રોજ કૉલેજમાં રસીકરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તા. ૨૮.૦૬.૨૦૨૧ થી તા. ૦૫.૦૭.૨૦૨૧ દરમિયાન આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગરના પરિપત્ર અનુસાર કૉલેજની આંતરિક (પ્રિલિમિનરી) સૈદ્ધાંતિક પરીક્ષા ઓનલાઈન લેવામાં આવી હતી.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન અધ્યાપકશ્રીઓએ ઓનલાઈન સેમિનાર, ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, રિફ્રેશર કોર્ષ વગેરે કાર્યક્રમોમાં ભાગ લઈ જ્ઞાન સમૃદ્ધ કરતાં રહ્યાં.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન રાજ્ય સરકાર, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા તથા આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગરના કોરોના મહામારી વિષયક વખતોવખતના પરિપત્રો તથા SOPને ધ્યાનમાં રાખી ઓન લાઈન અને ઓફ લાઈન શિક્ષણકાર્ય ધબકતું રહ્યું હતું.